Bustan-e-Zehra Association
786-92-110

બાળકો અને નવયુવાનો માટે

# હાદી માસિક

રબીઉલ અવ્વલ, હીજરી સન ૧૪૩૧,
ફેબ્રુઆરી - ૨૦૧૦

وانك لعلى خلق عظيم



રૂ. 30/-

# 'અલ કહ્હારો'

કુરઆને મજીદ અને માઅસૂમીન અ.સ.ની રિવાયતોમાં 'અલગફ્ફાર'ની સાથે અલ્લાહ તબારક-વ-તઆલાના મહત્વના વિશેષણ 'અલ કહ્હાર'નો પ્રયોગ થએલો છે.

આ વિશેષણનો કુરઆને મજીદમાં પણ ઘણાં સ્થળોએ પ્રયોગ થએલો છે.

## આ વિશેષણના મહત્વના અર્થ :

(૧) એ ઝાત કે જેના કાયદા કાનૂનો અન્ય બધા કાયદા કાનૂનો પર સર્વોપરી અને ભારે છે.

(૨) એ ઝાત કે જેને કોઈ પરાસ્ત કરી શકતો નથી.

(૩) એ ઝાત જે તમામ(સૃષ્ટી)ને પોતાના તાબે રાખે છે અને પોતે કોઈના તાબે નથી.

## કુરઆનમાં આ વિશેષણના ઉદાહરણો :

કુરઆને મજીદમાં આ વિશેષણનો ઘણાં મોટા પ્રમાણમાં પ્રયોગ થયો છે. દા.ત. સૂરએ યુસુફમાં ઈર્શાદ થાય છે કે :

યા સાહેબ યિસસિજને અઅરબાબુમ મુતફર્રેકૂના ખય્રુન અમિલ્લા હુલ વાહેદુલ કુહહાર– (આયત – ૬૯)

એટલે કે 'હે મારા કેદી મિત્રો ! શું જુદા જુદા ખુદા સારા છે કે એકમાત્ર અને કહહાર અલ્લાહ'

**માઅસૂમીન અ.સ.ના કલેમાત :** માઅસૂમીન અ.સ.ની વાણી (કલામ)માં પણ આ વિશેષણનું ઘણું વર્ણન છે. દા.ત. દુઆએ મુજીરમાં છે કે 'સુબ્હાના–યા ગફ્ફારો – તઆ લય્સા યા કહહારો – અજરના મિન નારે યા મુજીર. અનુવાદ : તું પવિત્ર છે. હે બખ્શવાવાળા – તું ઉચ્ચતમ છે. હે જબરદસ્ત (કહહાર) (અમને દોઝખની અગ્નિથી સંરક્ષણ આપ) હે પાલનહાર !'

## આ નામની ખાસિયતો અને ફાયદા :

અલ્લાહના આ વિશેષણનું રટણ કરવાના ઘણાં ફાયદા છે.

(૧) હઝરત ઈમામ રિઝા અ.સ.નો ઈર્શાદે ગિરામી છે કે 'યા કહ્હારો' નું મોટા પ્રમાણમાં વિર્દ (રટણ) કરવાથી તે દુન્યાના દુઃખ - દર્દ દૂર થવાનું કારણ બને છે.

(૨) દરરોજ સવારે યા કહહારોનું રટણ મનુષ્યના હૃદયમાંથી દુન્યાના પ્રેમ(દુન્યવી બાબતો પ્રત્યેના આકર્ષણ) ને ખત્મ કરી દે છે.

(૩) આ નકશને પોતાની પાસે રાખનાર વ્યક્તિ જગત ઉપર સર્વોપરિતા મેળવશે - નકશમાં ચારે બાજુએ 'કહહાર' લખેલું છે.



E-mail : hadimasik@yahoo.com

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

સૌપ્રથમ તો અમે આપ બધાંની સેવામાં હઝરત નબીયે મુકર્રમ સ.અ.વ. અને તેમના ખરા જાનશીન વારસદાર હઝરત ઈમામ જાઅફરે સાદિક અ.સ.ની મીલાદે - બા - સઆદતની મુબારકબાદી પેશ કરવાનો શર્ફ હાસિલ કરીએ છીએ.

વહાલા બાળકો ! અય્યામે અઝા પોતાના અંત સુધી પહોંચી ગયાં છે અને આ મહીનાથી આપણા બે માસ અને આઠ દિવસ સુધી ચાલેલા વર્ગના પરિણામ આવવાના દિવસો આવી ગયાં છે.

આપણે હઝરત સૈયદુશ્શોહદા અ.સ.ની મજલિસો અને કરબલાના શહીદોની અઝાદારીથી શું શીખ્યું, શો બોધપાઠ લીધો તેનો અંદાજો હવે પછી આપણાં આખા વરસના વાણી અને વર્તન ઉપરથી આવી જશે.

આ મહિનામાંજ આપણાં ઈમામે ઝમાના અજ.ની તાજપોશીની તારીખ એટલે કે નવમી રબીઉલ અવ્વલ પણ આવે છે અને આ પ્રસંગે આપ સર્વેને મુબારકબાદ પેશ કરીએ છીએ.

૧૭મી રબીઉલ અવ્વલનો દિવસ રસૂલે ઈસ્લામ અને સાદિકે આલે મુહમ્મદની વિલાદતે -બા-સઆદતનો દિવસ છે અને આ મહિનાની આઠમી તારીખે આપણાં અગ્યારમાં ઈમામ હઝરત ઈમામ હસન અસ્કરી અ.સ.ની શહાદતનો દિવસ છે. અમે આપ તમામને તેની તાઅઝિયત (સાત્વના) પાઠવીએ છીએ.

અય્યામે અઝા (શોકના દિવસો) પૂરા થઈ ગયાં તેનો અર્થ એ નથી કે આપણે ઈમામે મઝલૂમ અને તેમના વફાદાર સાથીઓની શહાદતના લક્ષ્યને વીસરી જઈએ. અય્યામે અઝામાં તો દર વરસે મજલિસો - માતમ અને શોક મનાવવાનો - અને તે રીતે સમાજમાંથી બદીઓ દૂર કરી સમાજ સુધારણા કરવાનો એક તોફાની સમુદ્ર હોય છે અને દર વરસની આપણી આ અઝાદારી અર્થહીન ન રહેવા પામે તે જોવાની જવાબદારી આપણી સૌની છે અને આપણે આ જવાબદારી પૂરી કરી આપણાં ઈમામે ઝમાનાને ખુશ કરવાનો બંદોબસ્ત કરવો જોઈએ જેથી આપણે તેમની દુઆઓને લાયક બની જઈએ.

વસ્સલામ


**વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-**

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા

મુદઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :

સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :

અહમદ રઝા ઝુરારહ

તાલીમરઝા અજમેરી

એહસાનઅલી રીઝવી

અનુવાદક :

સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :

એ.પી. ગ્રાફીક્સ

વિગતો માટે સંપર્ક :

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા

Bustan -E- Zehra Association

Mukhtar Abbas Vasaya

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

E-mail : hadimasik@yahoo.com



# કુરઆનનો પ્રકાશ

# સૂરએ બકર

કુરઆનના અત્યારના અનુક્રમ મુજબ કુરઆનનો આ બીજો અને સૌથી લાંબો સૂરો છે. આ સૂરામાં ૨૮૬ આયતો છે. આ સૂરો પણ એક જ સ્થળે નાઝિલ થએલો નથી, પરંતુ જુદા જુદા સ્થળોએ જુદી જુદી પરિસ્થિતિઓમાં નાઝિલ થએલ છે. આ સૂરો મદની (મદીના શહેરમાં નાઝિલ થએલો) છે. આ સૂરામાં ઈબાદતને લગતી - સમગ્ર સમાજને લગતી અને આર્થિક બાબતો ઉપર ચર્ચા-વિચારણા થએલી છે. આ સૂરામાં ખુદાની ઓળખાણ - ખાસ કરી આ જગતના ગુઢ રહસ્યોની જાણકારી વડે અલ્લાહની ઓળખનું વર્ણન છે. મૃત્યુ - મહશર (મૃત્યુ પછી હિસાબ કિતાબનો દિવસ અને જ્યાં હિસાબ-કિતાબ લેવામાં આવશે તે મેદાન) બરઝખ (મૃત્યુ અને કયામતની વચ્ચેનો સમયગાળો) સ્વર્ગ અને નર્કનું પણ વર્ણન છે. કુરઆન અંગે અને કુરઆનના મોઅજિઝા (હોવા) અંગે પણ આ સૂરામાં ઘણું બધું છે. યહૂદીઓ અને મુનાફિકો (એ લોકો કે જે જાહેરમાં મુસલમાન થઈ ગયાં હતા પરંતુ મનમાં ઈસ્લામ-પ્રત્યે ખાસ કરીને નબીયે કરીમ-હઝરત અલી અ.સ. અને અહલેબૈત અ.સ. પ્રત્યે પાકી દુશ્મનાવટ રાખતાં હતાં.) વિશે પણ સવિસ્તાર વર્ણન આ સૂરામાં છે. અંબિયા અ.સ.ના ઈતિહાસ વિશે-ખાસ કરીને જનાબ ઈબ્રાહીમ અ.સ., જનાબ મૂસા અ.સ. અને જનાબ આદમ અ.સ.નું વર્ણન આ સૂરામાં છે. શયતાનનું વર્ણન પણ આ સૂરામાં છે. નૈતિકતા અંગે પણ આ સૂરામાં ઘણો ભાર


E-mail : hadimasik@yahoo.com

મુકવામાં આવ્યો છે. દા.ત. તકવા અખત્યાર કરવું (અલ્લાહથી ડરવું)-દલીલ સાબિત થઈ ગયા પછી કુફ્ર પર કાયમ ન રહેવું - અલ્લાહની આજ્ઞાઓને હૃદયથી સ્વીકારવી - મનમાં કાંઈ હોય અને દેખાવ કરવા ખાતર મિત્રતા કરવા જેવું આચરણ ન કરવુ - અગાઉ જે પ્રસંગો બની ગયાં છે તેના ઉપરથી બોધપાઠ લેવો - માતા-પિતા અને સગા સંબંધીઓ સાથે સદ્‌વ્યવહાર અને સારૂં આચરણ કરવું - આ જગતને નષ્ટ થનાર અને તુચ્છ સમજવું - જાદુ - ટોણાં - મંત્ર - તંત્ર ઉપર વિશ્વાસ ન રાખવો વિગેરે.

આ સૂરામાં એક ખૂની વ્યક્તિને એક ગાયના માધ્યમથી ખુદાએ પોતાના નબી વડે પકડાવી દીધો હતો તે પ્રસંગનું વર્ણન છે. તેના ઉપરથી આ સૂરાનું નામ 'બકર' એટલે કે 'ગાયવાળો સૂરો' છે.

આ સૂરાના પઢવાની ઘણી તાકીદ કરવામાં આવી છે. રસૂલ સ.અ.વ.ના સહાબીઓએ આપ સ.અ.વ. પાસેથી કયો સૂરો સૌથી અફઝલ (સર્વશ્રેષ્ઠ) છે તે વિશે જાણવા માંગ્યું તો આપ સ.અ.વ.એ ફરમાવ્યુંઃ 'સૂરએ બકર' પછી પૂછવામાં આવ્યું કે કઈ આયત ? તો આપ સ.અ.વ. એ ફરમાવ્યું 'આયતુ-લ-કુરસી'

વહાલા બાળકો ! આ સૂરામાં આયતુ-લ-કુરસી છે, જેને પઢવાની ઘણી ફઝીલત બયાન કરવામાં આવેલી છે. દરેક શીઆ બાળકને આ આયત મોઢે હોવી જોઈએ. આ આયતમાં તવહીદ (અલ્લાહ એક - એકમાત્ર છે.)ની બાબતે ઘણી જ સ્પષ્ટતાથી વર્ણન છે તેથી આયતુ - લ - કુરસીને અફઝલ (સર્વશ્રેષ્ઠ) કહેવામાં આવી છે.

આ સૂરાની એક ફઝીલત એ પણ છે કે જો કોઈ વ્યક્તિ આ સૂરાની પ્રારંભિક ચાર આયતો અને સંપૂર્ણ આયતુ-લ-કુરસી પઢશે તો શયતાન તેનાથી ચાલીસ ડગલા દૂર રહેશે અને જે ઘરમાં શયતાન હશે તે (આ આયતો પઢવાથી) નીકળી જશે અને ત્રણ દિવસ સુધી ત્યાંથી શયતાન પસાર પણ નહીં થાય. આ સૂરાના પઢનાર જ્યારે મહેશર (હિસાબ લેવામાં આવશે તે મેદાન) માં આવશે ત્યારે હરવાન નામનું એક વાદળ તેના માથા ઉપર સાયો કરીને ચાલશે.



# હિજરતની રાત્રી

આજથી ૧૪૩૦ વરસ પહેલાં ઈસ્લામના ઇતિહાસની એક મહાન ઘટના ઘટી હતી. જેના પરિણામે આપણી સન હિજરી શરૂ થઈ હતી.

માહે રબીઉલ અવ્વલની પહેલી રાત્રી હતી. જે રાત્રે મક્કાના કાફરોએ આપણાં વહાલા નબી સ.અ.વ. ઉપર જીવલેણ હુમલો કરવાની યોજનાનો અમલ કરવાનું નક્કી કરી લીધું હતું. એ એટલા માટે કે મક્કાના અંધકારમય વાતાવરણમાં આપ સ.અ.વ.ની રિસાલતનો પુણ્યશાળી પ્રકાશ પથરાઈ જવા લાગ્યો તો ત્યાં આ નૂરે સર્વત્ર પ્રકાશ રેલાવી દીધો અને માર્ગ ભૂલેલા લોકોની આંખો ઉઘડી ગઈ જેથી કાફરોનો તેમના વડીલોના વખતનો ધર્મ દીને ઈલાહી (ઈસ્લામ ધર્મ) ની સામે લુપ્ત થવા લાગ્યો અને સત્યનો પ્રકાશ દરેક સત્યના ચાહકના હૃદય સોંસરવો ઉતરવા લાગ્યો હતો. પહેલા તો કાફરોએ નબી સ.અ.વ. અને તેમના અનુયાયીઓ ઉપર જુલ્મ કરવામાં કોઈ પાછી પાની કરી નહીં. માર્ગમાં કાંટા પાથરવામાં આવ્યાં – ગાળો આપી – શહેરની બહાર કાઢી મૂક્યાં – પાગલ અને ગાંડા કહ્યાં – તેમ છતાં પણ જ્યારે આ કોઈ પણ રીત કારગર નીવડી નહીં તો છેવટે નબી સ.અ.વ. ને ખત્મ કરી નાખવાનું જ નક્કી કરવામાં આવ્યું અને રબીઉલ અવ્વલની પહેલી રાત્રીએ (જેને હવે હિજરતની રાત્રી કહેવામાં આવે છે) તે લોકો પયગમ્બર સાહેબના મકાનની ચારેકોર ગુપ્ત રીતે એકત્ર થઈ ગયાં. પરંતુ એ ખુદાની વ્યવસ્થા હતી કે તેણે નબી સ.અ.વ.ને કાફરોની આખીયે યોજનાની પહેલાંથી જ જાણકારી આપી દીધી હતી. તેથી જ્યારે રાત્રી શરૂ થઈ અને ધીમે ધીમે કાફરોએ નબી સ.અ.વ.ના મકાનને ચારેકોરથી ઘેરી લીધું ત્યારે નબી સ.અ.વ.એ અલ્લાહની આજ્ઞાથી ઈમામ અલી અ.સ.ને બોલાવ્યાં અને કહ્યું 'હે અલી અ.સ. ! કાફરોએ મને મારી પથારીમાં જ કત્લ કરી નાંખવાની યોજના બનાવી છે તેથી તમે મારી પથારી ઉપર સૂઈ જાવ અને હું (અહિંયાંથી) હિજરત કરી જાઉં છું.' (હિજરતનો શાબ્દિક અર્થ – પ્રયાણ–સ્થળાંતર – એક સ્થળેથી બીજા સ્થળે જતા રહેવું તે. પરંતુ ઈસ્લામના ઇતિહાસના રૂઢિ પ્રયોગમાં નબી સ.અ.વ. મક્કા મોઅઝ્ઝમાંથી મદીના મુનવ્વરા તરફ પ્રયાણ કરી ગયાં હતાં તે સંદર્ભમાં આ હિજરત શબ્દ પ્રચલિત થએલ છે.) મૌલાએ કાએનાત અ.સ.એ કોઈપણ પ્રકારની આનાકાની વગર (એટલે કે તત્પરતાથી) નબી સ.અ.વ.ની વાત સ્વીકારી લીધી. અલ્લાહ તરફથી પ્રાપ્ત મોઅજિઝા પ્રમાણે નબી સ.અ.વ.એ પોતાના હાથમાં કેટલીક કાંકરીઓ લઈને ઘરની બહાર નીકળવાની તૈયારી કરી અને તે કાંકરીઓ ત્યાં એકત્ર થએલા કાફરોની દિશામાં ફેંકી – જેને

કારણે તે કાફરો થોડાક સમય માટે આંધળા થઈ ગયાં. અને પોતાની પાસેની લોકોની થાપણો અલી અ.સ.ને સુપ્રત કરીને નબી સ.અ.વ. ત્યાંથી સલામત રીતે નીકળી આવ્યાં. ‘સૂર’નામની ગુફામાં (ગારે સૂર)એ પહોંચી ગયાં, ત્યાંથી મદીના શહેર પાસે પહોંચીને ઈમામ અલી અ.સ.ની વાટ જોવા લાગ્યાં – આ બાજુ હિજરતની રાત્રીએ ઈમામ અલી અ.સ. (નબી સ.અ.વ.નો જીવ બચી જશે તેવા) સંપૂર્ણ ભરોસા સાથે (પોતાનો જીવ જોખમમાં હોવા અંગેના લેશમાત્ર પણ ઉચાટ વગર) નબી સ.અ.વ.ની જેમજ બનીને નબી સ.અ.વ.ની પથારી ઉપર ઉંઘી ગયાં. અલ્લાહને અલી અ.સ.નું નબી સ.અ.વ.ની પથારી ઉપર આરામથી ઉંઘી જવું એટલું ગમ્યું કે અલ્લાહે ફરિશ્તાઓને ગર્વથી કહેવાનું શરૂ કર્યું કે છે કોઈ અલી અ.સ. જેવો કે જે પોતાના ભાઈ માટે પોતાના પ્રાણ પણ ન્યોછાવર કરી દેવા તૈયાર હોય – હે જિબ્રઈલ અને મીકાઈલ ! તમો સૌથી મહાન ફરિશ્તાઓ છો ! કહો, તમારા બેમાંથી કોઈ એક–બીજા માટે પોતાના પ્રાણની કુરબાની આપવા તૈયાર છે ? તેમણે કહ્યું ‘હે ખુદા ! આ કામ તો અમારાથી ન થઈ શકે !’ ખુદાએ કહ્યું ‘તો પૃથ્વી તરફ દ્રષ્ટિપાત કરો કે આજે મુસ્તફા સ.અ.વ.નો ભાઈ અલી અ.સ. (પોતાના ભાઈના પ્રાણની રક્ષાને કાજે પોતાનો જીવ જોખમમાં નાંખીને પણ) કુરબાની આપવા કાજે કેટલા ધૈર્યથી બિસ્તરે રિસાલત (નબી સ.અ.વ.ની પથારી ઉપર) સૂઈ રહ્યો છે. જાવ, જઈને અલી અ.સ.ને મુબારકબાદ આપો અને તેમને આ આયત સંભળાવો કે ‘લોકોમાં ખુદાના એવા બંદાઓ પણ છે જેઓ ખુદાની ઈચ્છાને કાજે પોતાના પ્રાણ પણ ન્યોછાવર કરી દે છે.’’ (સૂરએ બકર – આયત ૨૦૭) તે પછી ફરિશ્તાઓ આવ્યાં અને તેમણે અલી અ.સ.ને મુબારકબાદી આપી કે ‘હે અલી અ.સ. ! મુબારક હો ! કે આજે ખુદાએ આપના માટે અમે ફરિશ્તાઓ ઉપર ગર્વ વ્યક્ત કર્યો.’ સવાર પડી, પછી અલી અ.સ. નબી સ.અ.વ.એ લોકોની જે થાપણો તેમને સુપ્રત કરી હતી તે જે – તે થાપણદારને પહોંચાડીને મદીનાની દિશામાં ચાલી નીકળ્યાં. જે લોકો નબી સ.અ.વ.ને શોધવા નીકળ્યાં હતાં. તેમનો ભેટો માર્ગમાં થઈ જતાં તેમણે ઈમામ અલી અ.સ.ને અટકાવ્યાં. પરંતુ પોતાની સાથે મહીલાઓ હોવા છતાં અલી અ.સ.એ એવો હુમલો કર્યો કે કાફરો માટે નાસી જવા સિવાય કોઈ છુટકો ના રહ્યો. તે પછી અલી અ.સ. મદીનાની પાસે તેમની પ્રતિક્ષા કરી રહેલાં નબી સ.અ.વ. પાસે પહોંચી ગયાં. ત્યાં લોકોની ભીડ એકત્ર થએલી હતી. અલી અ.સ.ના સ્વાગતમાં નબી સ.અ.વ.એ અલી અ.સ.ને કાંઈ એવા ભાવવિભૂર થઈને આલિંગન કર્યું કે તે દ્રશ્ય જોઈને હાજર તમામ લોકોની આંખોમાંથી પણ ખુશીના અશ્રુઓ વહી નીકળ્યાં.

(કલાઈદુનનુહૂર રબીઉલ અવ્વલ – પા.૮ – ફૈઝુદ્દુમૂઅ – પા.૨૦૧ – બિહાર ભા.૧૯ – પા.૩૯)





# ઈમામે ઝમાના (અજ.) યતીમ થઈ ગયાં

રબીઉલ અવ્વલ માસનો પ્રારંભ જ શોકના પ્રસંગથી થાય છે. તેની પહેલી રાત્રીએ જ નબી સ.અ.વ.ને પોતાના વહાલા વતનનો ત્યાગ કરવો પડ્યો હતો. સને ૧૧ હિજરીમાં આ મહીનાની પહેલી રાત્રિએ જ આપ સ.અ.વ. કાએનાતની આંખોથી ઓઝલ થઈને કબરના એકાંતમાં પહોંચી ગયાં હતાં. (આપને ૧ લી રબીઉલ અવ્વલની રાત્રીએ દફન કરવામાં આવ્યાં હતાં.) તે દિવસની સવારે અહલેબૈત અ.સ.ના ઘરનું બારણું સળગાવવામાં આવ્યું હતું અને સને ૨૬૦ હિજરીમાં અમારા અને આપના મૌલા ઈમામે ઝમાના હઝરત હુજ્જતે ખુદા અજ.ના બાબાને અત્યાચારી ખલીફા મોઅતમદ અબ્બાસીએ ઝેર આપ્યું હતું અને તે પછી આ ઝેરની અસરથી જ પ્રખ્યાત રિવાયત પ્રમાણે આ મહીનાની આઠમી તારીખે આપની શહાદત થઈ હતી. અને તે રીતે આજે આપણાં મૌલા અજ. અનાથ (યતીમ) થઈ ગયાં હતાં. ઈમામ હસન અસ્કરીને તે સમયના ખલીફાઓએ ઈમામે ઝમાનાની વિલાદતને અટકાવવા માટે અને અન્ય દુશ્મનાવટોને કારણે ઘણી વખત

કારાવાસમાં રાખ્યાં હતાં. ઘરમાં પણ હંમેશાં જાસૂસો મારફતે જાસૂસી કરાવવામાં આવતી હતી. જે સવારે આપની શહાદત થઈ તેના પહેલાંની રાત્રીઓ આપની સેવામાં ઘણાં પત્રો આવ્યાં હતાં. સવારે ઈમામે ઝમાના અજ. કે જે તે વખતે પાંચ વરસના હતાં તેમણે પોતાના બાબા માટે વઝૂનું પાણી લાવી આપ્યું હતું. નમાઝ પછી આપ ફક્ત ૨૨ વરસની ઉંમરે જ ઈમામતની તમામ જવાબદારીઓ બાલ્યાવસ્થામાં હતાં તે (કમસિન) ઈમામ ઝમાના અજ.ના ખભે મૂકીને પોતાના અલ્લાહ પાસે સિધાવી ગયાં હતાં. જ્યારે સામરાના લોકોએ આપની શહાદતના સમાચાર સાંભળ્યાં તો બજારો બંધ કરી દીધાં અને તમામ લોકો આપના ઘર પાસે એકત્ર થઈ ગયાં અને આખાયે સામરામાં લોકોના રૂદન અને રડારોળથી જાણે કયામત આવી ગઈ હતી. પ્રણાલી પ્રમાણે ઈમામે ઝમાના અજ. એ જ પોતાના નાના-નાના હાથો વડે પોતાના બાબાને ગુસ્લ-કફન આપ્યું અને જ્યારે આપનો જનાઝો નમાઝે મય્યત માટે લાવવામાં આવ્યો ત્યારે ઈમામે અસ્કરી અ.સ.ના જાઅફર નામના એક ભાઈ આગળ વધ્યાં કે નમાઝે જનાઝા પઢાવે. તેમણે ઉભા થઈને જ્યારે તકબીરની શરૂઆત કરવા ચાહી ત્યારે ઈમામે ઝમાના જે લોકોની નજરોથી ગુપ્ત રહેતાં હતાં તે અચાનક ત્યાં દ્રશ્યમાન થયાં, જાઅફરની રિદાને પકડીને તેમને ત્યાંથી દૂર કરી દીધાં અને પોતે પોતાના બાબાના જનાઝા ઉપર નમાઝે મૈયત પઢાવી અને તે પછી પોતે જ પોતાના દાદા હઝરત ઈમામ હાદી અ.સ.ની કબર પાસે દફન ફરમાવ્યાં. આ રીતે ૮ મી રબીઉલ અવ્વલનો દિવસ આપણા ઈમામ અજ. માટે અને આપણા માટે ઘણો જ શોકનો દિવસ છે અને આપણી પ્રચલિત અઝાદારીનો પણ આ અંતિમ દિવસ છે તેથી આપણે ખુબ તન-મન અને ધનથી આ દિવસે અઝાદારી કરવી જોઈએ. અને દરેક જગ્યાએ ફર્શે અઝાની વ્યવસ્થા કરવી જોઈએ.






# વિલાયતે મહદી (અજ.) નો દિવસ

**૯ મી રબીઉલ અવ્વલ ઈમામ મહદી અજજલ્લાહો તઆલા ફરજહુશ્શરીફની ઈમામતનો પ્રથમ દિવસ છે.**

- આ દિવસ એહલેબૈત અત્હાર-અસીરાને કરબલાનો, કરબલાના પ્રસંગ પછીનો પ્રથમ ખુશાલીનો દિવસ છે.
- આ દિવસ ગુનાહોને બક્ષાવાનો દિવસ છે.
- આ દિવસ પોતાના મોમિન ભાઈઓને ખુશ કરવાનો દિવસ છે.
- આ દિવસ ગમોને દૂર કરવાનો દિવસ છે.
- આ દિવસ વિલાદતે મહદી અજ. ના કારણે આપણા એટલે કે કમજોર અને નબળા લોકો માટે આશાનું કિરણ પ્રગટ થવાનો દિવસ છે.
- આ દિવસે ગદીરી જલવો સૂર્ય બનીને પ્રકાશ્યો છે અને તે ઈમામ અજ. ના ઝહૂરના સમયે ફરી ચમકશે. જેના તેજથી દરેક મુનાફિકનો ચહેરો બળીને રાખ થઈ જશે.

આપ સર્વેને -

વિલાયત અને મહદી અજ. ના પ્રેમની રેહમત મુબારક હો !

ઈમામ મહદી અજ. ની સઘળા પ્રતિક્ષા કરવાવાળાઓ ! એક બીજાને ભેટ સોગાત આપો.

ખુશાલી મનાવો - ફૂલો આપો - અને પોતાના ઈમામ અજ. ના ઝહૂર માટે ખુદાની બારગાહમાં દુઆ કરો.

"અલ્લાહુમ્મા-અજ્જલ-લેવલીયેકલ-ફરજ"


E-mail : hadimasik@yahoo.com

# ચાર પ્રકારના ભાઈ

**હઝરત ઈમામ હુસૈન અ.સ.નો ઈર્શાદે ગિરામી છે કે ભાઈ ચાર પ્રકારના હોય છે.**

**(૧) પોતાના માટે અને તમારા માટે**

**(૨) ફક્ત તમારા માટે**

**(૩) ફક્ત પોતાના માટે જ**

**(૪) ન તો પોતાના માટે કે ન તો તમારા માટે**

**- પ્રથમ પ્રકારનો ભાઈ :** એ ભાઈ જે પોતાના માટે અને તમારા માટે બંને માટે લાભદાયક હોય. જે બંધુત્વ વડે બંધુત્વની ભાવના જીવિત રાખે. ન કે બંધુત્વનું મૃત્યુ - આ ભાઈ તમારૂં પણ ભલું ઈચ્છે છે અને પોતાનું ભલું પણ ઈચ્છે છે કેમકે જો બંધુત્વની ભાવનાની ગાંઠ મજબૂત હશે તો બંનેના જીવન ખુશહાલ હશે અને જો બંધુત્વની ભાવનામાં તિરાડ પડી જશે તો બંનેના જીવન દુઃખમય બની જશે.

**- બીજા પ્રકારનો ભાઈ :** તે ફક્ત તમારૂં જ ભલુ ચાહે છે. તેણે પોતાના મનને (ઈચ્છાઓને) લાલચના ફંદામાંથી મુક્ત કરાવીને પ્રેમની જાળમાં જકડી લીધેલ હોય છે. તે બંધુત્વની ભાવના વડે દુન્યાની લાલચ નથી રાખતો. ફક્ત તમારૂં જ કલ્યાણ ઈચ્છે છે.

**- ત્રીજા પ્રકારનો ભાઈ :** એ ભાઈ જે તમારા માટે નુકશાનકારક અને કષ્ટદાયક હોય છે. તે હંમેશાં એવી તક જ શોધતો રહે છે કે તમે ક્યારે કોઈ આફતમાં સપડાઈ જાવ. તે તમારી હાજરીમાં અને ગેરહાજરીમાં (તમારી રૂબરૂ અને તમારી પીઠ પાછળ) એક સરખું વર્તન કરતો નથી. (તમારી હાજરીમાં અને તમારી રૂબરૂમાં તો તમારાથી પ્રેમ અને તમારૂં ભલું ઈચ્છવાનો દેખાવ કરે છે. પરંતુ તમારી ગેરહાજરીમાં અને તમારી પીઠ પાછળ તમારી સાથે દુશ્મનાવટ રાખે છે.) અને મિત્રો અને સગાસંબંધીઓ વચ્ચે તમારી ઉપર ખોટી આળ મૂકે છે અને તમારા ઉપર ઈર્ષાળુ દૃષ્ટિ રાખે છે. તેથી તેની પર ખુદાની લાનત હજો.

**- ચોથા પ્રકારનો ભાઈ :** એ છે જે ન તો તમારી ભલાઈ ઈચ્છે છે કે ન તો પોતાનું ભલુ ઈચ્છે છે. જે મુર્ખ હોય છે. ખુદાએ જેને મુર્ખતાથી ભરીને પોતાની રહેમતથી વંચિત કરી દીધો છે. તેના વિશે તમે એવો અનુભવ કરશો કે તે હંમેશાં પોતાને બીજાઓથી શ્રેષ્ઠ સમજે છે અને જે તમારી પાસેથી લાલચ જ રાખે છે.



# હસો અને હસાવો

## ટુચકાઓ



પોતાની માતાની (કે જેને ડ્રાઈવિંગ નહોતી આવડતી) ડ્રાઈવિંગ કારની પાછલી સીટ ઉપર બેસીને એક બાળકે પોતાના પિતાને પૂછ્યું "પિતાજી ! શું આપણે વિમાનમાં બેસીને અલ્લાહમિયાં પાસે પહોંચી શકીએ ?" પિતાએ કહ્યું " દીકરા ! વિમાન તો શું ! જો તમારી માં આ કાર ચલાવે તો આપણે આ કારમાં બેસીને જ અલ્લાહમિયાં પાસે પહોંચી જઈ શકીએ."



" રાજકારણીઓ પોતના દેશને બંને હાથે કેમ લૂંટે છે ? "

" કેમકે તેમને ત્રીજો હાથ હોતો નથી. "



એક સ્ત્રીને પાડોશીઓને ત્યાં જઈને વાતો કરવાનો ખૂબ શોખ હતો. એક વખત તે બીમાર પડી ગઈ ત્યારે તેણે પોતાના પતિને કહ્યું કે "જાવ ! જરા ડોક્ટરને બોલાવી લાવો ને ! પતિ ગયો, પરંતુ થોડીવારમાં જ પાછો આવીને પૂછવા લાગ્યો" સારૂં ! એ તો બતાવી દો કે તમે કોને ઘેર મળશો ? જેથી હું ડોક્ટરને લઈને ત્યાંજ પહોંચી જાઉં !!!

એક વ્યક્તિએ પોતાના નવા રાખેલા નોકરને કહ્યું "જા - બજારે જઈને ગોશ્ત અને ડુંગળી લઈ આવ."

નોકરે કહ્યું "હું આ વિસ્તારમાં નવો છું. બજાર જોયેલ નથી. બજારમાં જઈશ તો હું ખોવાઈ જઈશ."



છેવટે તે વ્યક્તિ પોતે જ બજાર ગયો અને સામાન લઈ આવ્યો અને નોકરને તે રાંધી આપવા કહ્યું.

નોકરે કહ્યું "મને ગેસ ઉપર રસોઈ રાંધતાં નથી આવડતી."

તે વ્યક્તિએ પોતે જ રસોઈ રાંધીને તે નોકરને કહ્યું "સારૂં - આવ અને ભોજન કરી લે "

નોકર : અચ્છા ! મને પણ દરેક વાતમાં ના પાડતાં શરમ આવે છે તેથી લાવો, ભોજન કરી લઉં છું.



E-mail : hadimasik@yahoo.com

## માઅસૂમીન અ.સ.ની માતાઓ

# હઝરતે હસનૈનની વાલિદએ ગિરામી

| | | |
|---|---|---|
| મહાન નામ | : | ફાતેમા ઝહરા સલા. |
| આપના લકબો | : | ઉમ્મે અબીહા - બતૂલ - સૈયદા-તાહેરા-હવરા-અઝરા-ઝહરા-સિદ્દીકતુલ કુબરા - ઝકીયા |
| આપના મહાન પિતા | : | હઝરત મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સ.અ.વ. |
| આપની મહાન માતા | : | જનાબ ખદીજતુલ-કુબરા-સલા. |
| આપના મહાન પતિ | : | હઝરત અલી ઈબ્ને અબીતાલિબ અ.સ. |
| આપની વિલાદતની તારીખ-(જન્મ તારીખ) | : | ૨૦ - જમાદીયુસ્સાનીયા - સને પાંચ બઅસત - જુમ્માના દિવસે |
| આપની વફાત | : | (ખરેખર તો શહાદત) ૩ જમાદીયુસ્સાનીયા- સને ૧૧ હિજરી |
| આપના સંતાનો | : | ઈમામ હસન અ.સ., ઈમામ હુસૈન અ.સ., જનાબ ઝયનબ સલા., જનાબ ઉમ્મે કુલસૂમ સલા., જનાબ મોહસિન (જનાબ મોહસિનને આપના ઉદરમાં જ શહીદ કરી દેવામાં આવ્યાં હતાં.) |
| આપની ઉમરે શરીફ | : | ૧૮ વરસ |
| આપની પવિત્ર કબર | : | જન્નતુલ બકીઅ - (મદીના મુનવ્વરા) |

**આપના ફઝાઈલ અને કમાલાત :** હઝરત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ. જેવા પિતા - જનાબ ખદીજતુલ કુબરા સલા. જેવી માદરે ગિરામી-અલી અ.સ. જેવા નામદાર પતિ-હઝરાતે હસ્નૈન અ.સ. - જનાબ ઝયનબ સલા. અને જનાબ ઉમ્મે કુલસૂમ સલા. જેવા મહાન સંતાનો - પરવરદિગારની ખાસ કનીઝ - નૂરથી સર્જિત મખ્લૂક - આપના માટે આકાશમાંથી ભોજનનું નુઝૂલ - જન્નતમાંથી પોષાકનું આવવું - જન્નતના ફળોનું આવવું - પત્થરોનું ભોજન બની જવું - આપની રિદા (ચાદર)માંથી પ્રકાશનું પ્રાગટ્ય - અનાજ દળવાની હાથ ઘંટીનું પોતાની મેળે ચાલવા (ફરવા) લાગવું - આપના પરદાના રક્ષણ માટે મસ્જિદે નબવીની દિવાલનું ઉંચુ થઈ જવું - આપની શાનમાં કુરઆનની આયતો આવવી - અઈમ્મએ તાહેરીનની માતા હોવાનું સન્માન પ્રાપ્ત કરવુ - રસૂલે ખુદા સ.અ.વ.નું પોતે ઉભા થઈને આપને સન્માન આપવું - આપના મહત્વના ફઝાઈલ અને કમાલાત પૈકીના કેટલાંક ફઝાઈલ અને કમાલાત છે.

**આપની ઈબાદત :** ઈમામ હસન અ.સ.થી રિવાયત છે કે મેં મારી માતા કરતાં વધારે ઈબાદત કરવાવાળી કોઈ વ્યક્તિ જગતમાં જોઈ નથી. આપ સલા. ઈબાદતની મેહરાબમાં એવી રીતે ઈબાદત કરતાં હતાં કે આપના પગે સોજા આવી જતાં હતાં.

**તસ્બીહે ઝહરા સલા :** રિવાયત છે કે નમાઝ પછી તસ્બીહે ફાતેમા ઝહરા સલા.નું પઢવું હજાર રકઅત નમાઝ પઢવા કરતાં ઉત્તમ છે.





# શરીઅતે મુહમ્મદીનો રક્ષક

૧૭ રબીઉલ અવ્વલ એટલે પુષ્પકલીઓના લહેરાવવાનો દિવસ - પુષ્પોનો સુગંધ પ્રસરાવવાનો દિવસ. ઝરણાંઓના ખળખળ વહેવાનો દિવસ - પુષ્પ કલીઓના ખીલવાનો દિવસ-અલ્લાહની દયા-કૃપા (નેઅમતો)ના નઝૂલનો દિવસ - અને રિઝાએ ઈલાહીની પ્રાપ્તિનો દિવસ છે. આ દિવસે આ સૃષ્ટિમાં અલ્લાહના પ્રિય નબીનો જન્મ થયો જેણે (આ જગતમાં) આવીને અલ્લાહના સંદેશાનો એવી રીતે પ્રચાર-પ્રસાર કર્યો કે કુફ્ર અને અધોગતિનો ગાઢ અંધકાર જ્ઞાન અને ઈમાનના પ્રકાશમાં અદૃશ્ય થઈ ગયાં. લોકોનો સ્વૈરવિહાર (ખોટા કાર્યો કરવા તે) શરીઅતના સિધ્ધાંતોનો પાબંદ થઈ ગયો. અશિષ્ટ આચરણને મોઢે શિષ્ટતાની લગામ લાગી ગઈ. એટલે કે આ દિવસે અલ્લાહના મહેબૂબ-પ્રિય અને અંતિમ નબી સ.અ.વ. દિવ્ય પ્રકાશના જગતમાંથી માનવ શરીરનું વસ્ત્ર પહેરીને આ ક્ષણભંગૂર જગતમાં એવી શાન-શોકત સાથે તશરીફ લાવ્યાં કે આ સમાચાર સાંભળીને શયતાનને ઘણી તકલીફ પહોંચી. માનવ હાથોએ ઘડેલી મુર્તિઓએ પોતાના માથા (નબીના આદરમાં) જમીન ઉપર ટેકવી દીધાં - સાવા નામની નદી કે જેની પૂજા થતી હતી તે સુકાઈ ગઈ. કિસરાના કિલ્લાના ૧૪ કાંગરાઓ ખરીને ચકનાચૂર થઈ ગયાં. સાવાનું મેદાન જે હજારો વર્ષોથી સૂકું ભઠ હતું ત્યાં પાણીના ઝરણાં વહેવા લાગ્યાં. ઈરાન (ફારસ)ની અગિયારીની અગ્નિ કે જે હજારો વરસોથી પ્રજવલિત હતી તે બુઝાઈ ગઈ. જ્યોતિષીઓની વિદ્યા અને જાદૂગરોના ખેલો કે જેનાથી લોકો આશ્ચર્યચકિત રહી જતા હતાં તે ખત્મ થઈ ગયાં. કિસરા સમ્રાટનો મહેલ વચ્ચેથી બે ભાગમાં વહેંચાઈ જાય તેવી લાંબી-પહોળી તિરાડ તેમાં પડી ગઈ જે આજે પણ એ જ સ્થિતિમાં છે અને આકાશ એવો સાદ પાડીને ગર્વનો અનુભવ કરી રહ્યો હતો કે 'જઅલ હક -વ-ઝહકલ બાતિલ-ઈન્ના બાતિલા કાના ઝહૂકા' - હક (સત્ય) આવી ગયો અને અસત્ય (બાતિલ) નષ્ટ થઈ ગયો. અને નિઃશંકપણે અસત્યને તો નષ્ટ થવાનું જ હતું. (સૂરએ-અસરા-આયત-૮૨) ટૂંકમાં કહીએ તો જ્યારે આપ સાહેબ સ.અ.વ. આ કાએનાત (જગત)માં આવ્યાં તો આ જગતની શકલ જ બદલાઈ ગઈ.

અને આપ સ.અ.વ. આવ્યાં પણ એટલા માટે જ તો હતાં. તેથી જ ફક્ત ૨૩ વરસના તબલીગી જીવન (તબલીગી જીવન એટલે ઈસ્લામધર્મના પ્રચાર-પ્રસાર સંબંધિત જીવન) ના ગાળામાં આપે જે જ્વલંત કાર્યો કરી બતાવ્યાં કે જગત આજે પણ આશ્ચર્યચકિત છે.



E-mail : hadimasik@yahoo.com

સૈકાઓથી નષ્ટપ્રાણ થઈ ગએલ ઈલાહી આજ્ઞાઓમાં આપ સ.અ.વ.એ એવો આત્મા રેડી દીધો કે સત્ય અને નિષ્ઠા - સદ્‌ચારિત્ર્ય અને ધાર્મિકતા પ્રેમીઓ ખુશીમાં ફુલ્યાં નહોતા સમાતાં. (અત્યંત ખુશ થઈ ગયાં હતાં.) અને સાથો સાથ કાફરો અને શિર્કના પ્રતિનિધિઓ હેરાન-પરેશાન થઈ ગયાં હતાં. એજ કારણે તેમણે રસૂલ સ.અ.વ.ની આંખો બંધ થતાંની સાથે જ આપના શિક્ષણને મિટાવી દેવાનું કાર્ય શરૂ કરી દીધું અને તેને બચાવવા માટે આપ સ.અ.વ.ના સાચા વારસદારોએ તમામ શક્ય બલિદાનો આપ્યાં. આમને આમ એક સૈકો વીતી ગયો અને જગત મુહમ્મદ સ.અ.વ.એ પ્રસરાવેલ જ્ઞાનનો તરસ્યો થઈ ગયો. તેથી જ કુદરતે પણ તે જરૂરીયાતને સંતોષવા માટે એક શાનદાર અને મહાન વ્યવસ્થા ગોઠવી. અને ૧૭ રબીઉલ અવ્વલના મુબારક દિવસે જ એક બીજા "સાદિક" (સત્યવકતા) ને મોકલી આપ્યો. જેને 'સાદિકે-આલે મુહમ્મદ સ.અ.વ.' કહેવામાં આવે છે. આપનો આ લકબ હઝરત મુહમ્મદ સ.અ.વ.એ પોતે રાખ્યો હતો. આપની વાલિદા 'ઉમ્મે ફરવાહ' ના નામે પ્રખ્યાત છે અને આપનું ખરું નામ પણ 'જાઅફર' છે. જાઅફર શબ્દનો અર્થ મહાનદી થાય છે. આપની વિલાદતે-બા-સઆદત (પુષ્યશાળી જન્મ) ઉપર મદીના શહેરમાં ખુશીઓ ઉભરાઈ પડી - અને તેના પુણ્ય પ્રતાપ (ખયરો-બરકત)માં અનેકગણી વૃધ્ધિ થઈ ગઈ. આપ અ.સ.એ સમયની જરૂરિયાત પારખીને અને શરીઅતે મુહમ્મદી સ.અ.વ.ની આવશ્યકતા સમજી જઈને જ્ઞાન અને સદ્‌ચરિત્રના એવા દરિયા વહાવી દીધાં કે પ્રાણ તજી દેવાની તૈયારીમાં હતી અને જેની કેડ વાંકી વળી ગઈ હતી તે શરીઅતે મુહમ્મદી યુવાન અવસ્થામાં આવી ગઈ. ઈસ્લામના શિક્ષણના પ્રચાર-પ્રસારનો જે વિશાળ સિલસિલો આપના આદરણીય પિતાએ શરૂ કર્યો હતો તેને આપ અ.સ.એ ન કેવળ ચાલુ રાખ્યો પરંતુ તેમાં અનેકગણી વૃધ્ધિ કરી અને કૂફા શહેરમાં એક મહાન (વિશાળ) ઈસ્લામી યુનીવર્સીટીનો પાયો નાખ્યો. જેમાં આપ પોતે મુસ્લિમ અને બિનમુસ્લિમ તમામ વિદ્યા વાંચ્છૂઓને અનેક વિદ્યાઓના પાઠ શીખવતાં હતાં અને એક જ સમયે આપના વર્ગમાં ૪ હજારથી પણ વધારે લોકો ભાગ લેતા હતાં. આ સિવાય પણ આપે એવા ઘણાં મહાન કાર્યો કર્યા છે કે જેને કારણે આપ સાદિક-મુસ્દક-કાશિફુલ-હકાઈક-ફાઝિલ-તાહિર-કાઈમ-મનજી અને સાબિર જેવા લકબોથી ખ્યાતિ પામ્યાં. આપની ઈમામતનો સમયગાળો ૩૪ વરસ રહ્યો હતો.

(કલાઈદુનનુહૂર રબીઉલઅવ્વલ પા.૧૦૧-હક્કુલયકીન પા.૨૬-ઈર્શાદ ભા.૨ પા.૧૭૯-બિહાર ભા.૯૫ પા.૧૯૪)






અલ્લામા મજલિસીએ પોતાના પુસ્તક 'બિહારૂલ અનવાર'માં એક લાંબી હદીસ નોંધી છે. તે હદીસના રાવી (હદીસને બીજા સુધી પહોંચાડનાર-વર્ણન કરનાર વ્યક્તિને 'રાવી' કહે છે.) અહમદ-બિન-ઈસ્હાક કહે છે કે 'હું મારા ભાઈઓ સાથે ઈમામ અ.સ.ના દીદાર (દર્શન) માટે ગયો હતો. ઈમામ અ.સ. પાસે (હાજર થવાની) પરવાનગી માંગી તો આપ અ.સ.એ અમોને (તેમની સેવામાં હાજર થવાની) પરવાનગી આપી.' હવે બન્યું એવું કે તે દિવસે રબીઉલ અવ્વલની નવમી તારીખ હતી. તેથી આપ અ.સ.એ ઈશારો કરીને પોતાના સેવકોને નવા વસ્ત્રો ધારણ કરવાની આજ્ઞા આપી. તેથી અમે લોકોએ અરજ ગુજારી 'મૌલા ! અમે આપના ઉપર કુરબાન જઈએ - શું આજે અહલેબૈત અ.સ. માટે કોઈ ખુશીનો દિવસ છે ?' ઈમામ અ.સ.એ ફરમાવ્યું 'આજ કરતા મોટો ખુશાલીનો દિવસ અમારા માટે કયો હોઈ શકે ?' મારા વાલિદે ગિરામી - આદરણીય પિતાજી અ.સ.એ બયાન કર્યું છે કે આજના દિવસે હઝીફા બિન ઝમાન રસુલે ખુદા સ.અ.વ.ની સેવામાં પહોંચ્યાં તો તેમણે જોયું કે આપ સ.અ.વ. અમીરૂલ મોઅમેનીન અ.સ.અને પોતાના દોહિત્રો (નવાસા-ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ.) સાથે ભોજન લઈ રહ્યાં છે અને અલ્લાહનો નબી સ.અ.વ. પોતાના દોહિત્રોને જોઈને સ્મિત કરી રહ્યાં હતાં અને કહી રહ્યાં હતાં : મારા દીકરાઓ ખાવો ! આજનો દિવસ તમારા માટે મુબારક દિવસ છે. આજનો દિવસ તમારા અને તમારા દાદા (નબિયે કરીમ સ.અ.વ.) ના શત્રુઓનો ખાતમો બોલાઈ જવાનો દિવસ છે. આજે તમારી માતાની દુઆ કબૂલ થવાનો દિવસ છે. ખાવો ! આજે ખુદાવન્દે આલમ તમારા શીઆઓના આમાલ (સદ્કાર્યો) કબૂલ ફરમાવશે. આ એ દિવસ છે જે દિવસે ખુદાનો આ કૌલ (કથન-વાત) સત્ય સાબિત થઈ જશે જેમાં તેણે ફરમાવ્યું છે કે 'આ એ જ અત્યાચારીઓના ઘરો છે


E-mail : hadimasik@yahoo.com

જેમણે અહલેબૈત ઉપર અત્યાચારો કર્યા અને (તેને પરિણામે) તે વેરાન થઈ ગયાં.'

ખાવો ! આજના દિવસે જ તમારા શત્રુઓની આન-બાન અને સાન નષ્ટ પામશે. આજના દિવસે મારા અહલેબૈત સાથે યુધ્ધ કરનાર પોતાના કાળનો ફિરઔન અને અહલેબૈતના હકોને પચાવી પાડનાર પોતાના કૃત્યોનો અંજામ અને નુકશાન પોતે જ જોઈ લેશે અને ખુદા પાસે આજના દિવસે તેમના તમામ આમાલ બાતિલ થઈ જશે.'

આ વખતે હઝીફાએ પ્રશ્ન પૂછ્યો કે 'હે અલ્લાહના નબી ! આપના અસહાબ (સાથીઓ) માંથી કોઈ એવો પણ છે કે જેણે આ દિવસની પવિત્રતા અને મહત્વને સન્માન ન આપ્યું હોય ?' નબી સ.અ.વ. એ ફરમાવ્યુંઃ 'હઝીફા ! મુનાફેકીન-જેમની પાસે કોઈ સદ્‌કાર્ય (નેકી) નથી. તેઓ આ કાર્યમાં આગળ પડતાં છે. તેમણે મારા અનુયાયીઓથી ઘણાં લાભ લીધાં છે અને તેમને પોતાના પ્રત્યે આકર્ષિત કર્યા - મેં મારા અનુયાયિઓ માટે ઘણાં કષ્ટ વેઠ્યાં છે. પરંતુ આ લોકોએ તેમને (મારી ઉમ્મત-અનુયાયીઓને) ખુદાના માર્ગથી વિચલીત કરી દીધાં છે અને ખુદાના પુસ્તક (કુરઆન શરીફ) માં પણ ફેરફાર (તેહરીફ) કરી દીધો અને મારી સુન્નતને બદલી નાંખી અને મારી ઔલાદના વારસા ઉપર પોતાનો કબ્જો કરી લીધો.'

એક બીજી રિવાયતમાં અલ્લામા મજલીસી આ દિવસ વિશે લખે છે કે એક વખત આ દિવસે જ જનાબ હુઝયફાની હઝરત અલી અ.સ.સાથે મુલાકાત થઈ અને વાતચીત દરમ્યાન નબી સ.અ.વ.ની વાતો (ઉપરોક્ત હદીસ) યાદ આવી ગઈ. તે પછી ઈમામ અલી અ.સ.એ આ દિવસના બોંતેર નામો વર્ણવ્યાં. જેમાંથી કેટલાંક નીચે મુજબ છે.

ગદીરે દુવ્વલ (બીજી ગદીર) - યવ્મે કબુલિયતે આઅમાલે શીઆ - યવ્મે તવબા - યવમે ઈદુલ્લાહે અકબર - યવમે કબુલિયતે દુઆ વિગેરે.



# અલ્લાહની મહાન નેઅમત

## (અલ્લાહનો સર્વશ્રેષ્ઠ ઉપકાર)

આ સૃષ્ટિ ઉપર ખુદાએ તઆલાએ અસંખ્ય ઉપકાર કર્યા છે અને તેવી જ રીતે તેણે મનુષ્ય જાતિ ઉપર પણ અસંખ્ય કૃપાઓ અને દયાઓ વરસાવી છે અને વરસાવતો પણ રહેશે કેમકે તે પરમકૃપાળુ અને દયાળુ છે.

અલ્લાહ તઆલાએ આપણને હજારો નેઅમતોથી નવાજ્યાં પરંતુ તેણે કદીએ ક્યારેય પોતાનો ઉપકાર ગણાવ્યો નથી. તે દયાળુ અને કૃપાળુએ આપણને સંપૂર્ણ સૃષ્ટિમાં સર્વશ્રેષ્ઠ સર્જનના બીબામાં ઢાળીને ફરિશ્તાઓ પણ આપણી ઈર્ષા કરે તેવા બનાવ્યાં. આપણને માતા-પિતા-ભાઈ-બહેન-સંતતિ એવી નેઅમતોથી નવાજ્યાં - અને એવી હજારો નેઅમતો જે આપણી સમજ શક્તિથી પણ બહાર છે તેવી નેઅમતો આપણને અર્પણ કરી પરંતુ કોઈ પણ ખાસ નેઅમત અને ઉપકારનું વર્ણન તેણે કર્યું નથી અને પોતાના ઉપકાર છે તેવું જાહેર પણ નથી કર્યું.

પરંતુ એક મહાન નેઅમત એવી છે કે " જ્યારે અલ્લાહ તઆલાએ તે નેઅમત પોતાની બારગાહમાંથી માનવજાતિ તરફ મોકલી ત્યારે તેણે પોતાનો ઉપકાર જાહેર કરતાં કહ્યું છે કે :

**- લકદ મન્નલ્લાહો અલ્લ મોઅમેનીના ઈઝ બઅસા ફીહિમ રસૂલમ - મિન અનફોસેહિમ યતલૂ અલયહિમ આયાતેહી - વયોઝકકીહિમ - વ - યોઅલ્લેમો - હોમુલ - કિતાબ - વલ - હિકમતા - વ - ઈન કાનૂ મિન કબ્લ લફી ઝલાલિમ્મોબીન.**

(સૂરએ આલે ઈમરાન-૩-૧૬૪)



E-mail : hadimasik@yahoo.com

**અનુવાદ :** નિઃશંકપણે અલ્લાહએ મુસલમાનો ઉપર મહાન ઉપકાર ફરમાવ્યાં કે તેમની વચ્ચે તેઓ પૈકીમાંથી જ મહાનતા ધરાવનાર રસૂલ મોકલ્યો. જે તેમને તેની (અલ્લાહની) આયતો પઢી સંભળાવે છે અને તેમને પવિત્ર કરે છે અને તેમને કિતાબ (કુરઆન શરીફ) અને ડહાપણ (હિકમત)નું શિક્ષણ આપે છે. જો કે તેઓ તે પહેલાં સ્પષ્ટ રીતે માર્ગ ભૂલેલાં (પદભ્રષ્ટ) હતાં.

ઉપરોક્ત મુબારક આયતમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે : "મુસલમાનો ઉપર મારો આ ઉપકાર-ઈનામ-અને કૃપા છે કે તમારા નસીબ બદલવા-બગડી ગએલ પરિસ્થિતિને સુધારવા-તમને અધોગતિ અને ગુમરાહીના ખાડામાંથી ઉચકીને મહાનતા-મનુષ્યતાની ઉચ્ચતાના શિખરે પહોંચાડવા માટે મેં મારા મહેબૂબને તમો પૈકીમાંથી જ તમારા માટે જન્મ આપ્યો. તેથી લોકો ! જાણી લો કે મારી કુદરતના કારખાનામાં આના કરતાં વધારે ઉત્તમ કોઈ નેઅમત હતી જ નહીં. મેં મારું તે પ્રિય પાત્ર જ તમને આપ્યું છે કે જેના માટે મેં આ સૃષ્ટિનું શૂન્યમાંથી સર્જન કર્યું છે અને તેને મેં જાત-જાતની નેઅમતો - દયા-કૃપાથી માલામાલ કરી દીધાં, તો જરૂરી હતું કે હું રબ્બુલ આલમીન હોવા છતાં પણ તે મહાન નેઅમતના ઉપકારને વર્ણવુ જેથી કરીને એવું ના થાય કે હઝરત મુસ્તુફા સ.અ.વ.ની ઉમ્મત તેમને પણ (એટલે રસૂલ સ.અ.વ.ને પણ) એક સામાન્ય નેઅમત સમજીને તેની મહાનતા પ્રત્યે બેદરકાર રહે."

આમ નબી અકરમ સ.અ.વ.ની ઉમ્મતનું એ કર્તવ્ય છે કે તે સારી ઉમર આ નેઅમતની પ્રાપ્તિ પર અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરે અને અલ્લાહતઆલાએ આજ્ઞા કરી છે તે પ્રમાણે ખુશી મનાવે.

**કુલ બે ફઝલિલ્લાહે-વ-બે રેહમતેહી-ફ-બે ઝાલેકા ફલયફરહૂ-હોવા-ખૈરૂમ-મિમ્મા-યજમઊન**

**અનુવાદ :** આપ ફરમાવી દો કે અલ્લાહની કૃપાથી તેની જે નેઅમતો (તેમના ઉપર નાઝિલ થઈ છે.) ઉપર તેમણે ખુશ થવું જોઈએ. આ (નેઅમત)તો એ લોકો જે વસ્તુઓ એકત્ર કરી રહ્યાં છે તેનાથી ઘણી ઉત્તમ છે. (યુનુસ-૧૦-૫૮)

જ્યારે આપણે આપણાં જીવનમાં મળનારી નાની નાની નેઅમતો ઉપર અલ્લાહનો શુક્ર અદા કરીએ છીએ અને ખુશી મનાવીએ છીએ તો મુહમ્મદ સ.અ.વ.ના અસ્તિત્વની નેઅમત મળવા કાજે તો સૌથી વધારે ખુશીઓ મનાવવી જોઈએ અને તેના માટે પણ ૧૭ રબીઉલ અવ્વલનો દિવસ સર્વશ્રેષ્ઠ અને સંપૂર્ણપણે ઉપયુક્ત છે.




# અલ્લાહના રસૂલ સ.અ.વ. દુલ્હા બન્યાં

હિજરી સનના ૧૦ વરસ પહેલાં ૧૦ રબીઉલ અવ્વલના દિવસે પયગમ્બરે અકરમ સ.અ.વ.ના જનાબ ખદીજા સાથે લગ્ન થયાં હતાં.

હઝરત ખદીજા પયગમ્બરે અકરમની પિતરાઈ બહેન (કાકાની દીકરી-બહેન) થતાં હતાં. અને બંનેનો વંશવેલો (શિજરે નસબ) કસીબિન કલાબ સુધી પહોંચીને એક થઈ જતો હતો. હઝરત ખદીજાનો ઉછેર એવા કુટુંબમાં થયો હતો જે વંશના ધારાધોરણ પ્રમાણે ઉચ્ચ વંશનો - પરોપકારી - અને ખાનએ કાઅબાનો સમર્થક અને રક્ષક હતો અને જનાબ ખદીજા પોતે પણ પોતાના પવિત્ર ચારિત્રને કારણે એવા પ્રખ્યાત હતાં કે તે અજ્ઞાનતા અને જહાલતના યુગમાં પણ આપને તાહેરા (પવિત્ર સ્ત્રી) અને "સૈયદ-એ-કુરૈશ" (કુરૈશની આગેવાન સ્ત્રી) ના લકબથી યાદ કરવામાં આવતાં હતાં. તેમના માટે ઘણાં માંગા આવ્યાં અને તેમની સાથે લગ્ન ઈચ્છુકો મહેર (સ્ત્રીધન) માં વિશાળ ધન-દૌલત આપવા પણ તૈયાર હતાં પરંતુ તેઓ (જનાબ ખદીજા) તેવી કોઈપણ વ્યક્તિ સાથે લગ્ન કરવા સંમત ન થયાં.

રસૂલે ખુદા સ.અ.વ. જ્યારે વેપાર અર્થે શામના પ્રવાસેથી મક્કા પરત ફર્યા ત્યારે હઝરત ખદીજાએ પયગમ્બરે અકરમ સ.અ.વ.ની સેવામાં સંદેશાવાહક મોકલીને આપ સ.અ.વ. સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મોકલ્યો.

રસૂલે ખુદા સ.અ.વ.એ આ બાબતને પોતાના કાકા અબૂતાલિબ અને અન્ય કાકાઓ સમક્ષ મૂકી. બધાં આ સબંધ માટે સંમત થઈ ગયાં તેથી આપ સ.અ.વ.એ તે સંદેશાવાહક મારફતે પોતાના દ્વારા સબંધની સ્વીકૃતિનો સંદેશો મોકલી આપ્યો. આમ આ સબંધના સ્વીકાર પછી હઝરત અબૂતાલિબ અને આપ સ.અ.વ.ના અન્ય કાકાઓ અને જનાબ ખદીજાના સગાસબંધિઓની ઉપસ્થિતિમાં હઝરત ખદીજાના નિવાસસ્થાને જ



નિકાહની મહેફિલ થઈ અને નિકાહનો ખુત્બો દુલ્હા અને દુલ્હનના કાકા એટલે કે જનાબ અબૂતાલિબ અને અમર-બિન-અસદે પઢ્યો.

**<u>લગ્નના કારણો :</u>**

જો ઈતિહાસના પાનાઓ પલટાવવામાં આવે તો આ લગ્નની પાછળ અનેક અર્થપૂર્ણ પાસાઓ કાર્યરત હતાં. પ્રથમ તો એ કે પયગમ્બર સ. અ. વ. નું પૂરૂં જીવન હંમેશાં એક સંતની જેમ અને અલ્લાહથી બીક રાખીને (સદ્ચરિત્રમાં) ઉચ્ચ મુલ્યોથી ભરપૂર જણાઈ આવે છે. જે આ વાતની દલીલ છે કે આપ સ. અ. વ. ની દૃષ્ટિએ દુન્યવી ધન-દૌલત અને શાન-શૌકતની કોઈ કિંમત નહોતી અને આપ સ. અ. વ. એ જનાબ ખદીજાના ધન-દૌલતનો પોતાના એશ-આરામ માટે ઉપયોગ નહોતો કર્યો.

બીજુ એ કે આ લગ્નનો પ્રસ્તાવ હઝરત ખદીજાએ મુક્યો હતો નહીં કે રસૂલ સ. અ. વ. એ.

હવે આ બાબતનું હઝરત ખદીજાની દૃષ્ટિએ મુલ્યાંકન કરીએ તો જણાશે કે હઝરત ખદીજા એક સદ્ચરિત્ર ધરાવનાર પવિત્ર મહિલા હતાં અને તેમને પણ એવા જ સદ્ચરિત્રવાળા - મુત્તકી અને પરહેઝગાર પતિની તલાશ હતી.

બીજું કે શામના પ્રવાસેથી પરત આવ્યાં પછી આપના "મયસ્સરા" નામના દાસે (કે જે પણ શામના પ્રવાસમાં સાથે ગયો હતો.) પ્રવાસના કેટલાંક એવાં પ્રસંગોનું વર્ણન હઝરત ખદીજા સમક્ષ કર્યું કે તેમના હૃદયમાં "અમીને કુરૈશ" (પયગમ્બર સાહેબ સ. અ. વ. નો તે વખતનો લકબ) માટેની પ્રેમ અને લાગણી અનેકગણી વધી ગઈ. એ ઉપરથી સાબિત થાય છે કે જનાબ ખદીજાના પયગમ્બર સાહેબ સ. અ. વ. પ્રત્યેના આકર્ષણનું કારણ આપ સ. અ. વ. ની નફસાની ફઝાઈલ અને નૈતિક ઉચ્ચતા હતી અને હઝરત ખદીજાને તો આવા સદ્ચારિત્ર અને નૈતિક ઉચ્ચતાની જ તલાશ હતી.

હઝરત ખદીજાએ પોતે આ વાત હઝરત રસૂલે ખુદા સ. અ. વ. ને જણાવી હતી કે "હે મારા કાકાના પુત્ર ! મેં તમને એક શરીફ - પ્રમાણિક - શિષ્ટ વ્યવહારવાળા અને સત્યવક્તા વ્યક્તિ તરીકે મુલવ્યાં, તે પછી જ હું આપના પ્રત્યે આકર્ષિત થઈ હતી અને લગ્નનો પ્રસ્તાવ મોકલ્યો હતો."



# નહજુલ બલાગાહ

## કહાપણભરી વાતો

# મહેનત અને પ્રયત્નો

- સૌથી વધારે મહેનતુ એ છે કે જે ગુન્હાઓને તજી દે.
- સતત પ્રયત્નો અને મહેનત સૌથી વધારે લાભ પહોંચાડનાર વસ્તુ છે.
- જે પોતાના કાર્યને સતત પ્રયત્ન અને મહેનત વડે કરે છે તે (છેવટે) પોતાના ધ્યેયને પ્રાપ્ત કરે છે જ.
- ઈમામ અલી અ.સ.એ પોતાના શાસનકાળમાં પોતાના એક ગર્વનરને પત્રમાં લખ્યું હતું કે 'જાણી લો કે નિઃશંકપણે તમારા ઈમામે આ જગતમાંથી ફક્ત એક જાડા ખરબચડા વસ્ત્રથી જ સંતોષ માન્યો છે અને પોતાના ભોજનમાં પણ (તે) ફક્ત બે રોટલીઓ ને જ પર્યાપ્ત ગણે છે. મને ખાત્રી છે કે તમે આવું (એટલી હદ સુધી) આચરણ તો નહીં જ કરી શકો. પરંતુ (મારી આજ્ઞા છે કે) તમો ખુદાની બીક રાખો - મહેનત અને પ્રયત્ન કરતાં રહો - અને પવિત્ર કાર્યો વડે મારી મદદ કરો.'
- બુધ્ધિશાળી વ્યક્તિ પોતાના ધ્યેય પ્રાપ્તિ માટે (સતત) પ્રયત્નશીલ રહે છે અને પોતાની ઈચ્છાઓને સિમિત રાખે છે.
- (તમો) પોતાના આત્માની શુધ્ધિ માટે (સતત) પ્રયત્નશીલ રહો કેમકે આ બાબતમાં ફક્ત (સતત) પ્રયત્નશીલ રહેવું તે જ તમને મદદગાર સાબિત થશે.
- પોતાની શક્તિ પ્રમાણે શિખામણ આપતાં રહેવું - અને સત્યના પ્રસાર અને કાયમ કરવામાં પ્રયત્નશીલ રહેવું તે બંદાઓ ઉપર અલ્લાહના હક્કો પૈકી (નો એક હક) છે.



# ખુદાના રંગે રંગાઈ જાવ

હપ્તો બીજો

## (સુરએ બકરહ - આયત - ૧૩૮)

**હાદી :** ગુરુજી ! આપે મારી સમસ્યાનો ઉકેલ લાવી દીધો અને કેટલી સરળતાથી ખુદાની ઓળખ કરાવી આપી ! અને ખુદાની ઓળખના અનેક માર્ગો પણ ચીંધ્યા. ગુરૂજી! હવે એ બતાવો કે ખુદાનો રંગ કેવો છે ?

**ગુરૂજી :** વત્સ ! એ દરેક વસ્તુ કે જે જોઈ શકાય છે તે વસ્તુનો રંગ આપણે તે વસ્તુ જોઈને બતાવી શકીએ છીએ દા.ત. ગુલાબનું ફૂલ લાલ રંગનું હોય છે. ઝાડના પાંદડા લીલા હોય છે. અઈમ્મા અ.સ.ના હરમોના ગુંબદ પીળા છે. કાલે તમે જે દડો ખરીદયો છે તે સફેદ છે. માથાના વાળ કાળા હોય છે. - ઘરનું બારણું લાલ છે. - આપ ગૌરવર્ણી છો - એટલે કે તમે આ બધી વસ્તુઓ જોઈ રહ્યાં છો તેથી આપણને એ વાત સમજાય છે કે તે વસ્તુ કયા રંગની છે. હવે તમે પોતે જ બતાવો કે જે વસ્તુ જોઈ શકાતી જ નથી તે અંગે કેવી રીતે કહી શકાય તે કયા રંગની છે. દા.ત. બુધ્ધિ કયા રંગની છે ? હવાનો રંગ શો છે ? પ્રેમ કેવા રંગનો હોય છે ? તેવી જ રીતે ખુદા પણ જોઈ શકાય તેવો નથી અને તેને કોઈ જોઈ શકતું જ નથી તેથી કહી ન શકાય કે તે કેવા રંગનો છે અને જો ખુદા દૃષ્યમાન થઈ જાય તો તે સિમિત થઈ જશે અને જે સિમિત હોય તે ખુદા નથી હોતો.

**હાદી :** તો પછી એનો અર્થ એ થયો કે મનુષ્યે ખુદાના રંગમાં રંગાઈ જવું જોઈએ.

**ગુરૂજી :** હા વત્સ ! તમને બરાબર સમજ પડી ગઈ !! ખુદાના રંગમાં રંગાઈ જવાનો અર્થ પણ એ છે કે એવા કાર્યો કરો જેથી બંદો પણ ખુદા લાગે ! (એટલે કે બંદો હોય તો બંદો જ પરંતુ તેનામાં ખુદાઈ લક્ષણો દેખાય - તેના ઉપર ખુદાનો ભાસ થાય.) દા.ત. ખુદા ઉપરનો ઈમાન ખુદાનો રંગ ધરાવે છે અને જો તમે નમાઝ પઢો છો તો (જાણે) તમે ખુદાનો રંગ ધારણ કરી લીધો. જો કોઈ અંધ વ્યક્તિને હાથ પકડી રસ્તો ક્રોસ કરાવે છે તો જાણે તે ખુદાના રંગે રંગાઈ ગયો. તમે જો માતા-પિતા અને વડીલોને આદર આપો છો તો તે ખુદાનો રંગ અખત્યાર કરવા સમાન છે. તમે જો કુરઆન પઢો છો - પોતાના સમવયસ્ક બાળકોને મદદ કરો છો - સાચું બોલો છો તો જાણે તમે ખુદાનો રંગ ધારણ કર્યો છે. હવે જે કોઈ પણ આપને જોશે તે કહેશે કે આ બાળક તો બિલકુલ ખુદાના રંગમાં રંગાઈ ગએલો છે, એટલે કે એક સારો અને નેક બાળક બની ગયો છે.




# ઈલ્મે સાદિક અ.સ.નો એક જલવો

હઝરત ઈમામ જાઅફરે સાદિક અ.સ. એ અસંખ્ય ઈલ્મી મુનાઝિરા (વિદ્યા વિષયક ધાર્મિક વાદ-વિવાદ) ફરમાવ્યાં છે અને તેમાં આપે દેહરિયાઓ - કદરિયાઓ - કાફરો અને યહૂદિઓને પરાસ્ત કર્યા છે. કોઈ એક પણ વાદ-વિવાદમાં કોઈ પણ આપની ઉપર (પોતાની દલીલો વડે) પ્રભુત્વ મેળવી શક્યો નથી.

અબ્દુલ મલિક - બિન - મરવાનના શાસન કાળનો એક પ્રસંગ છે કે કદરિયા વિચારધારા ધરાવતા એક મુનાઝિરો કરનારે તેના દરબારમાં આવીને વિદ્વાનો સાથે વિદ્યાવિષયક - ધાર્મિક - વાદવિવાદ માટે પોતાની ઈચ્છા જણાવી. સમ્રાટે તો પોતાના રાબેતા મુજબ પોતાના (દરબારી) વિદ્વાનોને બોલાવી મંગાવ્યા અને તેમને આજ્ઞા આપી કે આ કદરિયા મુનાઝિર (મુનાઝિરા - વાદવિવાદ-કરનાર) સાથે વાદ-વિવાદ કરો. તે દરબારી વિદ્વાનોએ તેની સાથે ઘણી મથામણ કરી પરંતુ તે આવનાર વ્યક્તિ મુનાઝિરાના મેદાનનો અઠંગ ખેલાડી હતો. તેને આ દરબારી વિદ્વાનો હરાવી શક્યાં નહીં અને તે તમામ વિદ્વાનો આ આવનાર વ્યક્તિ સામે વામણાં સાબિત થયાં.

ઈસ્લામનો પરાજય થતો જોઈને અબ્દુલ મલિક-બિન-મરવાને તરત જ એક પત્ર હઝરત ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.ની સેવામાં મદીના મોકલી આપ્યો અને તેમાં આપે ઈમામ અ.સ.ને તરત જ શામ(મુનાઝિરા માટે) તશરીફ લાવવા આગ્રહ કર્યો. ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.ની સેવામાં જ્યારે આ પત્ર પહોંચ્યો ત્યારે આપ અ.સ.એ પોતાના



E-mail : hadimasik@yahoo.com

ફરઝન્દ (સુપુત્ર) હઝરત ઈમામ જાઅફરે સાદિક અ.સ.ને ફરમાવ્યું કે "હે દીકરા ! હવે હું વૃધ્ધ થઈ ગયો છું તેથી મુનાઝિરા માટે તમે શામ ચાલ્યાં જાવ."




હઝરત ઈમામ જાઅફરે સાદિક અ.સ. પોતાના આદરણીય પિતાની આજ્ઞા અનુસાર મદીનાથી પ્રસ્થાન કરીને શામ પહોંચ્યાં.

અબ્દુલ મલિક-બિન-મરવાને જ્યારે ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.ને બદલે ઈમામ જાઅફરે સાદિક અ.સ.ને જોયાં તો તે કહેવા લાગ્યા કે "આપ હજુ બાલ્યાવસ્થામાં છો અને તે ખુબ જ જુના મુનાઝિર છે. શક્ય છે કે આપ પણ અન્ય વિદ્વાનોની જેમ તેનાથી પરાસ્ત થઈ જાવ. તેથી વાદ-વિવાદની સભા ગોઠવવી યોગ્ય રહેશે નહીં." હઝરતે ઈર્શાદ ફરમાવ્યું "બાદશાહ ! તું ગભરાતો નહીં ! જો અલ્લાહની ઈચ્છા હશે તો હું ફક્ત થોડીક મિનિટોમાં જ મુનાઝિરો સમાપ્ત કરી દઈશ." આપના આ ઈર્શાદને દરબારીઓએ પણ સમર્થન આપ્યું અને બંને પક્ષો મુનાઝિરાના સ્થળે આવી ગયાં.

કદરિયાઓની એવી માન્યતા હોય છે કે બંદો જ સર્વસ્વ છે. ખુદા બંદાઓના મામલાઓમાં કોઈ દખલ કરી શકતો નથી. એટલે કે ખુદાના ઈરાદા - કઝા અને કદર - પ્રભુત્વનો બંદાઓનો મામલામાં કાંઈ અર્થ નથી. તેથી પેલા કદરિયાની હઝરતને પહેલ કરવાની વિનંતી ઉપર ફરમાવ્યું કે "હું ફક્ત એક વાત કહેવા માંગું છું અને તે એ કે તમે "સૂરએ હમ્દ" પઢો. તેણે પઢવાનું શરૂ કર્યું. જ્યારે તે "અય્યાકા નાઅબ્દો-વ-અય્યાકા નસ્તઈન" ઉપર પહોંચ્યો (કે જેનો અનુવાદ એ છે કે "હું ફક્ત તારી જ ઈબાદત કરૂં છું તારી પાસે જ સહાયતા માંગું છું તેવો છે ") તો આપે ફરમાવ્યું કે રોકાઈ જાવ ! અને મને એ પ્રશ્નનો જવાબ આપો કે તમારી માન્યતા પ્રમાણે અલ્લાહને તમારા કોઈ મામલામાં દખલ કરવાનો હક નથી તો તમે તેનાથી મદદની યાચના શા માટે કરો છો ? આ સાંભળીને તેણે ચુપકીદી સાધી લીધી અને તે કોઈ જવાબ ન આપી શક્યો. છેવટે તે પરાસ્ત થયો. વાદ-વિવાદની સભા બરખાસ્ત થઈ ગઈ અને બાદશાહ ઘણો ખુશ થયો.



(તફસીરે-બુરહાન-ભાગ ૧-પા.૩૩)

# કુરઆનની આયતો પ્રમાણે શયતાનના લક્ષણો

શયતાન વિશે ઘણી વાતો મળે છે. કુરઆન મજીદમાં તેની ઓળખ, તેની ચાલબાજી - લોકોને ગુમરાહ કરવાની તેની રીતરસમોનું સ્પષ્ટ શબ્દોમાં વર્ણન મળે છે. આવો, આજે આપણે કેટલીક આયતોની રોશનીમાં તેના વિશે જાણકારી મેળવીએ.

- શયતાન (મનુષ્યને બહેકાવવા માટે) મનુષ્યની પાછળ જ લાગેલો રહે છે. (અઅરાફ - ૧૭૫)
- શયતાન તો મનુષ્યને બેઆબરૂ કરનાર છે. (ફુરકાન - ૨૯)
- શયતાન જેનો સાથી (મદદગાર) થઈ જાય તે ખરાબમાં ખરાબ સાથી છે. (નિસાઅત - ૨૦)
- અને શયતાન તેમની સાથે જે વાયદો કરે છે તે છલકપટ સિવાય બીજું કાંઈ નથી. (એટલે કે તે પોતાનો વાયદો કદી પૂર્ણ કરતો નથી.) (નિસાઅ-૧૨૦)
- અને જે કોઈપણ ખુદાને તજી દઈને શયતાનને પોતાનો મિત્ર બનાવશે તે સ્પષ્ટ રીતે નુકશાનમાં છે. (નિસાઅ-૧૧૯)
- અને શયતાનો તે લોકોને પદભ્રષ્ટ કરી દે છે અને તેઓ (તો) એવું જ સમજે છે કે (તેઓ) સીધા માર્ગે (ચાલી રહ્યાં) છે. એટલે સુધી કે તેઓ અમારી પાસે આવશે ત્યારે (તેમને ખરી પરિસ્થિતિની જાણ થશે અને) તેઓ કહેશે કે કાશ ! અમારી અને તેમની (શયતાનોની) વચ્ચે પૂર્વ-પશ્ચિમ જેટલું અંતર હોત (એટલે કે અમે શયતાનોથી દૂર રહ્યાં હોત - તેમના છલ-કપટમાં ફસાયા ન હોત) અને તે (શયતાન) તો ઘણો ખરાબ સાથી નિકળ્યો. અને આ બધી વાતો આજે (કયામતના દિવસે) તમને લાભકારી નીવડનારી નથી. કેમકે તમે બધાં અઝાબમાં સરખા ભાગીદાર છો. અને તમે પણ અત્યાચાર કર્યો છે. (ઝુખરૂફ - ૩૭-૩૮-૩૯)
- શું હું તમને એ વાતની જાણકારી આપું કે શયતાનો કોના ઉપર નાઝિલ થાય છે ? (કોને પોતાનો શિકાર બનાવે છે ?) (તો જાણી લો કે) તે (શયતાનો) દરેક જુઠા અને ખરાબ ચારિત્રવાળા ઉપર નાઝિલ થાય છે. (શોઅરા - ૨૮૧-૨૨૨)
- હે ઈમાન લાવવાવાળાઓ ! શયતાનનુ અનુકરણ ન કરો. અને જે કોઈ પણ વ્યક્તિ શયતાનનું અનુકરણ કરશે તો ખચિત તે (શયતાન) તે (વ્યક્તિ)ને ખરાબ અને અનિચ્છનીય કાર્યો કરવાની આજ્ઞા આપશે. (નૂર - ૨૧)
- અને નિઃશંક રીતે જેઓ મુત્તકી (અલ્લાહથી ડરવાવાળાઓ) છે શયતાનની તરફથી કોઈ વિચાર તેમને સ્પર્શ કરવા પણ જાય છે ત્યારે તેઓ અલ્લાહને યાદ કરવા લાગે છે. અને (તેનાથી તેઓ) દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરે છે. (અઅરાફ - ૨૦૧)



# અમારા પ્રશ્નો તમારા જવાબો

પ્રશ્ન-૧: કયા પ્રસંગ ઉપરથી સન હીજરીનો પાયો નંખાયો હતો ?

(અ) હિજરતે હબ્શા (બ) હિજરતે ઈમામ હુસૈન અ.સ.

(બ) પયગમ્બર સાહેબ સ.અ.વ.ની હિજરત (ક) ખત્મે બઅસત

પ્રશ્ન-૨: હિજરતની રાત્રીએ કોણે પોતાના "નફ્સ"ને ખુદાના હાથે વેચી દીધો હતો ?

(અ) નબીયે અકરમ સ.અ.વ. (બ) કુરૈશ (ક) ઈમામ હુસૈન અ.સ.

(ડ) ઈમામ અલી અ.સ.

પ્રશ્ન-3: રસૂલ સ.અ.વ.નો જનાઝો કેટલા દિવસો સુધી દફન થયા વગર રહ્યો હતો ?

(અ) ૩ (બ) ૫ (ક) ૧ (ડ) ૨

પ્રશ્ન-૪: હિજરતની રાત્રીએ નબીયે અકરમ સ.અ.વ. કઈ ગૂફા (ગાર)માં રહ્યાં હતાં ?

(અ) ગારે હિરા (બ) ગારે સૂર (ક) ગારે ફીલ (ડ) ગારે રિના

પ્રશ્ન-૫: ફાતેમા ઝહેરા સલા.ના ઉદરમાં કયા બાળકની શહાદત થઈ ગઈ હતી ?

(અ) અબ્દુલ્લાહ (બ) મુહમ્મદ (ક) મોહસિન (ડ) હસન

પ્રશ્ન-૬: ઈમામે ઝમાના અજ. કયા સનમાં યતીમ થઈ ગયા હતાં ?

(અ) સન ૨૮૦ હિજરી (બ) સન ૨૬૬ હિજરી

(ક) સન ૩૯૦ હિજરી (ડ) સન ૨૬૦ હિજરી

પ્રશ્ન-૭: અગ્યારમા ઈમામ અ.સ.ની નમાઝે જનાઝા કોણે પઢાવી હતી ?

(અ) જાઅફર (બ) ઈમામ હાદી અ.સ.

(ક) ઈમામે ઝમાના અજ. (ડ) અબાસલત

પ્રશ્ન-૮: મોઅતમદ અબ્બાસીએ કયા ઈમામને ઝેર આપ્યું હતું ?

(અ) ઈમામ અસ્કરી અ.સ. (બ) ઈમામ સાદિક અ.સ.

(ક) ઈમામ સજ્જાદ અ.સ. (ડ) ઈમામ અલી અ.સ.

પ્રશ્ન-૯: ઈદે ઝહરા સલા. કયા દિવસે મનાવવામાં આવે છે ?

(અ) ૯મી રબીઉલ અવ્વલ (બ) ૧૫ શાઅબાન

(ક) ૧૫મી ઓગસ્ટ (ડ) ૨૦મી જમાદિયુસ્સાની

પ્રશ્ન-૧૦: માહે રબીઉલ અવ્વલની ૧૦મી તારીખની મોટી ખુશાલીઓ કઈ કઈ છે ?

(અ) વિલાદતે નબી સ.અ.વ. અને સાદિક અ.સ.

(બ) વિલાયતે ઈમામે ઝમાનાનો પ્રથમ દિવસ

(ક) નબી સ.અ.વ.ની શાદી (લગ્ન)નો દિવસ

(ડ) બધાં ખરા

# પત્રાવલી

**વહાલા બાળકો,**

**આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે જરૂર મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યુ ભર્યુ રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**કમાણી સાકીલ મેહબુબભાઈ,**
રૂમ નં. ૧૪, શ્યામ કોમ્પ્લેક્ષ, રાજુલા.



**માધવાણી આરઝુ ફાતેમા ઝવ્વારઅલી,**
"નજફ મંઝીલ" મહુવા રોડ, રાજુલા.



**જામાણી સૈયદા અલીહુસેન,**
જીવાબાવા ચોક, રાજુલા.





E-mail : hadimasik@yahoo.com



**સુંદરાણી મોહંમદનકી એન.,**
**જીવાબાવા ચોક, રાજુલા.**



**લાખાણી સૈયદા આઈ. તથા અનમફાતેમા,**
**ખોજા મસ્જીદ પાસે, રાજુલા.**



**રૂપાણી મેજબીન દિલાવરહુસેન,**
**ગાયના ગોદરે, રાજુલા.**



Bismillah Hirrahman Hirrahim

Salaman Alaikum. 786110

HADI MASIK

After Salam we eagerly want to tell you that your Publication of 'Hadi Masik' which touches our heart. This comes us to know that about Allah's Marefat, Quran's Explanation, Story, Jokes, Question and Answers etc. We have got more knowledge from the 'RAMZAN QUIZ BOOK'. We eagerly waiting for next publication of Hadi Masik.



We thanks for your publication of "HADI MASIK"

Name : Mohammad Raza
Surname : Rajani
Address : Khoja colony, Opp Railway Goods Sangli
Age : 14 years

**મોહંમદ રઝા રાજાણી,**
**ખોજા કોલોની, રેલ્વે ગુડ્સ, સાંગલી.**

# બાળકોની ડાયરી

વહાલા બાળકો,

આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**






ભીમાણી હસનૈન અખ્તરઅલી,
મહેન્દ્રપરા શેરી નં.-૧૧, મોરબી.




શીગુફા ઝહેરા બિન નાઝીમા મોમીન,
નવાબપાર્ક, સરખેજ રોડ, અમદાવાદ.




અકીલ અબ્બાસ એચ. હમીરાણી,
ખોજા સોસાયટી જીવાબાવા ચોક, રાજુલા.



પોપટીયા જહીર અબ્બાસ ફિરોજઅલી ,
સુલેમાનપાર્ક, ખોજા સોસાયટી, રાજુલા.



E-mail : hadimasik@yahoo.com

# સાચા જવાબો

**વહાલા બાળકો !**

**ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો આ પ્રમાણે છે. તમે તમારા જવાબો આનાથી મેળવી લો.**

**પ્રશ્ન-૧:** સફર માસમાં કયા બે માસુમોની શહાદત થઈ હતી ?

(ક) ઈમામ હસન (અ.સ.) / નબીએ અકરમ (સ.અ.વ.)

**પ્રશ્ન-૨:** કયા ઈમામના જનાઝા ઉપર તીરોનો વરસાદ થયો હતો ?

(બ) બીજા ઈમામ

**પ્રશ્ન-૩:** કરબલાના શહીદોનું ચેહલુમ કઈ તારીખે હોય છે ?

(ક) ૨૦ સફર

**પ્રશ્ન-૪:** ૭ સફર, હી.સ. ૧૨૮ ના દિવસે કયા ઈમામની વિલાદત થઈ હતી ?

(બ) ઈમામ કાઝીમ (અ.સ.)

**પ્રશ્ન-૫:** કયા સાહબી ઈમામ હુસૈન (અ.સ.)ના પ્રથમ ઝવ્વાર હતા ?

(અ) જનાબ ઝાબીર

**પ્રશ્ન-૬:** શહીદાને કરબલાના ચેહલુમના દિવસે કઈ ઝિયારત પઢવાને ઈમામ અસ્કરી (અ.સ.)એ મોમીનની પહેચાન બતાવેલ છે ?

(ક) ઝિયારતે અરબઈન

**પ્રશ્ન-૭:** સફર માસમાં કઈ જંગ થઈ હતી ?

(અ) સિફફીન

**પ્રશ્ન-૮:** કરબલાના અસીરોમાં કયા ઈમામ ઝંઝીરોથી જકડાયેલા હતા ?

(બ) ચોથા ઈમામ

**પ્રશ્ન-૯:** કરબલાના અસીરોને કયાં કયાં લઈ જવામાં આવ્યા ?

(ડ) બધા સાચા

**પ્રશ્ન-૧૦:** ઈમામ હુસૈનની શહાદત પછી કયા મલઉને જનાબે સકીનાને તમાચા માર્યા હતા ?

(અ) શીમ્ર મલઉન

**ભૂલસુધારણા :** સફર માસના સાચા જવાબ (પેજ નં.૩૧)માં પ્રશ્ન-૩ નો સાચો જવાબ હઝરત કાસીમ અ.સ. છે.

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | (૧) કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સીહોર | : | મૌલાના દિલબર હુસૈન ફોન : ૯૯૦૯૪૭૧૪૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

# HADI MASIK


: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**



Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612
**E-mail : hadimasik@yahoo.com**



*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


